**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૮ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
ગુસ્સો, અભિમાન અને અહંકાર બધાં ક્રેડિટ કાર્ડ જેવા છે, હમણાં ઉપયોગ કરી લો અને પછી એની કિંમત હપ્તે-હપ્તે ચૂકવો !

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૨ ● તારીખઃ ૨૨.૦૬.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# વડાપ્રધાન મોદીએ કોલકાતાના રેડ રોડ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની મુખ્ય રાષ્ટ્રીય ઉજવણીમાં ભાગ લીધો

## પવિત્ર બંગાળની ધરતી પર હજારો લોકો સાથે કર્યો સામૂહિક યોગાભ્યાસઃ યોગ એ ભૌગોલિક સરહદો અને સાંસ્કૃતિક ભેદભાવોથી પર થઈને સમગ્ર માનવતાને એકસૂત્રમાં બાંધતી એક અદ્ભુત વૈશ્વિક શક્તિ છે - ૨૧ જૂન હવે વિશ્વનો સૌથી મોટો સામૂહિક ઉત્સવ બની ગયો છે - વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી



**સમય સંદેશઃ કૉલકાતા**

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પાવન અવસરે ગઈકાલે સમગ્ર દેશ અને દુનિયા યોગમય બની ગઈ હતી. આ ઐતિહાસિક દિવસની મુખ્ય રાષ્ટ્રીય ઉજવણી પશ્ચિમ બંગાળના કોલકાતામાં આવેલા પ્રખ્યાત રેડ રોડ ખાતે રાખવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતે વિશેષ ઉપસ્થિત રહીને હજારો ઉત્સાહી નાગરિકો સાથે સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન અને સામૂહિક ભાગીદારીને કારણે સમગ્ર પશ્ચિમ બંગાળનું વાતાવરણ અભૂતપૂર્વ ઊર્જા અને આધ્યાત્મિક ચેતનાથી સભર બની ગયું હતું.

કોલકાતાના રેડ રોડ ખાતે એકત્રિત થયેલી વિશાળ જનમેદનીને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, યોગ માનવ શરીરની ભૌતિક ક્ષમતા, માનસિક શક્તિ અને વધતી ઉંમરની સાથે થતી વિવિધ બીમારીઓ સામે લડવાની આંતરિક પ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ વર્ષની મુખ્ય થીમ ''Yoga for Healthy Ageing'' (સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ) વિશે વિસ્તૃત સમજ આપતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, આ થીમને માત્ર વરિષ્ઠ નાગરિકો કે વૃદ્ધો પૂરતી સીમિત રાખવાની જરૂર નથી, પરંતુ તે દરેક ઉંમરના વ્યક્તિને આજીવન સ્વસ્થ રહેવાની પ્રેરણા આપે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જીવનમાં ફિટનેસના લક્ષ્યો નક્કી કરવા અંગે એક સુંદર માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, આપણું લક્ષ્ય એવું હોવું જોઈએ કે આપણે ૨૦ વર્ષની ઉંમર કરતાં ૪૦ વર્ષની ઉંમરે વધુ ફ્લેક્સિબલ એટલે કે લવચીક હોઈએ. ૩૦ વર્ષની ઉંમરની સરખામણીએ ૫૦ વર્ષની વયે આપણામાં વધુ ઉર્જા હોવી જોઈએ અને ૫૦ વર્ષની ઉંમર કરતાં ૭૦ વર્ષની ઉંમરે આપણે લાઈફસ્ટાઈલ સંબંધિત બીમારીઓ સામે લડવા માટે વધુ સક્ષમ હોઈએ.

પશ્ચિમ બંગાળની પવિત્ર ભૂમિ પર આ વૈશ્વિક કાર્યક્રમ યોજવાના મહત્વ અંગે ભાવુકતા સાથે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, બંગાળની આ એ પવિત્ર અને આધ્યાત્મિક ધરતી છે જ્યાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી

અનુ પાના નં.૨ પર

# ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગુજરાત સહિત દેશભરમાં ભવ્ય ઉજવણી

## અમદાવાદમાં અમિત શાહ અને માણસામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યા યોગાસનઃ હર્ષ સંઘવીએ કર્યા યોગ



**સમય સંદેશઃ અમદાવાદ**

વિશ્વભરમાં ગઈકાલે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં રાજકીય આગેવાનો, મંત્રીઓ અને હજારો લોકોએ સામૂહિક યોગ કરીને સ્વસ્થ જીવનનો સંદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીથી માંડીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહી યોગ અભ્યાસ કર્યો. સમગ્ર વિશ્વમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. ભારતના વિવિધ રાજ્યોમાં યોગ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કેન્દ્રીય મંત્રીઓ, રાજકીય આગેવાનો અને હજારો નાગરિકોએ ભાગ લીધો હતો. દેશભરમાં યોગ દ્વારા સ્વસ્થ અને નીરોગી જીવનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં પણ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં આવેલા અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન ખાતે વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે યોગાસન કર્યા હતા. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા અને તેમણે પણ યોગાભ્યાસ કર્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હિતેશ બારોટ સહિત કોર્પોરેશનના પદાધિકારીઓ અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના તમામ ધારાસભ્યો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

બીજી તરફ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે રાજ્યકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યોગાસન કરીને યોગના મહત્વનો સંદેશ આપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળમાં યોજાયેલા યોગ કાર્યક્રમમાં જોડાયા હતા, જ્યારે ગુજરાતમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલા ઈવેન્ટ સેન્ટર પર પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ અહીં સામૂહિક યોગમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મંત્રી દર્શનાબેન વાઘેલા, ધારાસભ્યો, સાંસદ સભ્યો અને કોર્પોરેટરો પણ જોડાયા હતા. વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ યોગ દિવસની ઉજવણીમાં સક્રિય ભાગ લીધો હતો.

અમદાવાદના મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે વિશ્વ યોગ દિવસની ૧૨મી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે અને અમદાવાદમાં ૪૮ કરતાં વધુ સ્થળોએ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે પ્રહલાદનગર ગાર્ડન ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. બીજી તરફ દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દરમિયાન કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પણ હજારો સહભાગીઓ સાથે યોગાસન કરીને લોકોને યોગ અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

# દેશભરમાં NEET-UG પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન, અમદાવાદના કેન્દ્ર પર હિજાબ-કંઠી મુદ્દે હોબાળો અને ઝપાઝપી



**સમય સંદેશઃ નવીદિલ્હી/અમદાવાદ**

પેપર લીક થયા બાદ રદ કરાયેલી NEET-UGની પરીક્ષા ગઇકાલે દેશભરમાં શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. આ પરીક્ષા દેશના ૫૫૧ શહેરોના ૫,૪૪૦ કેન્દ્રો અને વિદેશના ૧૪ કેન્દ્રો પર ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ૧૨ ભારતીય ભાષાઓમાં યોજાઇ હતી. ગુજરાતની વાત કરીએ તો જામનગર, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા સહિતના ૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર ૭૯,૪૧૧ ઉમેદવારોએ આ વખતે ૧૫ મિનિટના વધારાના સમય સાથે બપોરે ૨:૦૦ થી ૫:૧૫ વાગ્યા સુધી પરીક્ષા આપી હતી.

પરીક્ષા દરમિયાન અમદાવાદની આર. જે. ટિબ્રવાલ કોલેજ કેન્દ્ર ખાતે ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતીકોને લઈને મોટો વિવાદ સર્જાયો હતો. વાલીઓ અને કેટલાક સંગઠનોએ ઉગ્ર વિરોધ નોંધાવતા આક્ષેપ કર્યો હતો કે ગાઈડલાઈનનું પક્ષપાતી પાલન કરવામાં આવી રહ્યું છે. વાલીઓનો આરોપ હતો કે હિન્દુ વિદ્યાર્થીઓની ગળાની કંઠી અને હાથના દોરા કઢાવવામાં આવ્યા હતા, જ્યારે મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ સાથે પ્રવેશ કેમ અપાયો? સામા પક્ષે એવો પણ આક્ષેપ થયો હતો કે અંદર ગયેલી મુસ્લિમ વિદ્યાર્થિનીઓને બહાર બોલાવીને ફરીથી હિજાબ પહેરાવી અંદર મોકલવામાં આવી હતી. આ ધાર્મિક વિવાદની જાણ થતાં જ વિશ્વ હિન્દુ પરિષદ અને AIMIMના કાર્યકરો મોટી સંખ્યામાં કોલેજ પરિસરમાં આમનેસામને આવી ગયા હતા. બંને પક્ષો વચ્ચે શાબ્દિક યુદ્ધ બાદ મામલો બિચક્યો હતો અને ઘર્ષણ તેમજ ઝપાઝપીના દ્રશ્યો સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. જો કે, સ્થિતિ વધુ વણસે તે પહેલાં એસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### મુશ્કેલી ખાળવા પરીક્ષાના કારણે વડાપ્રધાન દિલ્હી એરપોર્ટ પર ૪૫ મિનિટ રોકાયા

પેપર લીક થવાના કારણે રદ થયેલી NEET-UG પરીક્ષા ગઇકાલે દેશભરમાં ચુસ્ત સુરક્ષા વચ્ચે ફરીથી યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓની સુવિધાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક પ્રેરણાદાયી પહેલ કરી હતી. કોલકાતાના પ્રવાસેથી પરત ફરેલા પીએમ મોદીની ફ્લાઈટ બપોરે ૧:૧૫ વાગ્યે દિલ્હી એરપોર્ટ પર પહોંચી હતી, પરંતુ બપોરે ૨ વાગ્યે પરીક્ષા શરૂ થવાની હોવાથી વિદ્યાર્થીઓની અવરજવરને કારણે ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને પરીક્ષાર્થીઓને કેન્દ્ર પર પહોંચવામાં કોઈ અસુવિધા ન થાય તે માટે વડાપ્રધાને પોતાના નિવાસસ્થાને જવાને બદલે અંદાજિત ૪૫ મિનિટ સુધી એરપોર્ટ પર જ પ્રતીક્ષા કરી હતી; ત્યારબાદ પરીક્ષા શરૂ થયા પછી જ તેઓ એરપોર્ટથી રવાના થયા હતા.

# જામનગર પર જળસંકટના વાદળોઃ જળાશયોમાં પાણીનો જથ્થો તળિયે, માત્ર ૩૧ જુલાઈ સુધી જ ચાલશે પીવાનું પાણી!

## ચોમાસું ખેંચાતા મહાનગરપાલિકાનું તંત્ર દોડતું થયું, 'સૌની યોજના' અને નર્મદાના પાણી પર મીટઃ નાગરિકોમાં ઉગ્ર રોષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. શહેરની જીવાદોરી સમાન જળાશયોમાં પાણીનો લાઈવ જથ્થો હવે અંતિમ તબક્કે પહોંચ્યો છે. મહાનગર પાલિકાના આંકડા મુજબ, હાલમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો માત્ર ૩૧ જુલાઈ સુધી જ ચાલે તેમ છે. જો સમયસર વરસાદ નહીં આવે, તો જામનગરવાસીઓએ આગામી દિવસોમાં ગંભીર જળસંકટનો સામનો કરવો પડી શકે છે.

આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે મનપાનું તંત્ર અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયું છે. સિંચાઈ વિભાગ સાથે સતત સંકલન સાધીને પાણીના અનામત જથ્થાને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જો વરસાદમાં વિલંબ થાય, તો રાજ્ય સરકારની મહત્વકાંક્ષી 'સૌની યોજના' હેઠળ નર્મદાના નીર ઠાલવીને ડેમો ભરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ઉપરાંત, દૈનિક ધોરણે મળતા નર્મદાના પાણીના જથ્થામાં વધારો થાય તે માટે ઉચ્ચ કક્ષાએ પત્રવ્યવહાર અને રજૂઆતો શરૂ કરવામાં આવી છે.

જામનગર શહેરને દૈનિક ૧૫૫ ખકઉ પાણીની જરૂરિયાત રહે છે, જે સસોઈ, રણજિત સાગર, ઉન્ડ-૧ અને આજી-૩ ડેમ તથા નર્મદા લાઈન દ્વારા પૂરું પાડવામાં આવે છે. પરંતુ એક તરફ તંત્ર આગોતરા આયોજનના દાવા કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ જામનગરના નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાંથી અનિયમિત પાણી પુરવઠો, અપૂરતું પાણી અને પ્રદૂષિત પાણી મળવાની ફરિયાદોનો રાફડો ફાટ્યો છે.

તંત્રના દાવા અને લોકોની મુશ્કેલી વચ્ચે જમીની હકીકત ક્યાંક અલગ જ દેખાઈ રહી છે. પાણીની ગુણવત્તા અને વિતરણ વ્યવસ્થા સામે ઉઠતા પ્રશ્નો દર્શાવે છે કે જામનગરવાસીઓ અત્યારે જ પાણીની અછત અનુભવી રહ્યા છે. ત્યારે જો વરસાદ ખેંચાશે, તો આ સ્થિતિ વિકટ બની શકે છે. શું વહીવટી તંત્ર સમયસર વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવીને જામનગરને પાણીની કટોકટીમાંથી બચાવી શકશે? તે જોવું આગામી સમયમાં મહત્વનું બની રહેશે.

# તમિલનાડુની ફેક્ટરીમાં ભયાનક ગેસ ગળતરઃ ૬૫ કર્મચારીઓ બીમાર, ૭ના મોતથી હારાકાર, મુખ્યમંત્રીએ આપ્યા તપાસના આદેશ

**સમય સંદેશઃ તિરુવલ્લુર**

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પેરિયાપાલયમ નજીક કન્નિગાપેર ગામમાં આવેલી 'સેન્ટ પીટર્સ પોલ સીફૂડ પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ કંપની'માં અચાનક એમોનિયા ગેસ ગળતર થયું હતું. ગેસ ફેલાતાની સાથે જ ફેક્ટરી પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી અને કર્મચારીઓ પોતાનો જીવ બચાવવા બહાર તરફ ભાગવા લાગ્યા હતા. ગેસ ગળતરથી ૭ના મોત થયા છે જ્યારે ૧૦ની હાલત વધુ ગંભીર બની છે.

આ દુર્ઘટનામાં ૬૫થી વધુ કર્મચારીઓ ગેસની ઝપેટમાં આવી ગયા હતા, જેમાંથી સારવાર દરમિયાન ૭ના મોત થયા છે. જ્યારે ૧૦ શ્રમિકોની હાલત અતિ ગંભીર થઈ છે. જેમાં ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા પરપ્રાંતિય શ્રમિકો પણ સામેલ છે. ગેસની અસર થતાં જ ઘણા કર્મચારીઓએ શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર અને બેચેનીની ફરિયાદ કરવા માંડી હતી. આ પછી ફેક્ટરી મેનેજમેન્ટ અને સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું હતું. અસરગ્રસ્ત કર્મચારીઓને અલગ-અલગ વાહનો દ્વારા નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

અસરગ્રસ્ત કર્મચારીઓને સારવાર માટે તાત્કાલિક વાહનો દ્વારા નજીકની વેલ્સ પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને વેંકટેશ્વર પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જઈને દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોની

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### પ્રવેશોત્સવ શરૂ !

શાળાઓ ખુલી ગઈ છે. વિદ્યાર્થીઓ વરસાદની અમર આશા અને ગરમીની વચ્ચે અલ-નિનોના પાઠ ભણી રહ્યા છે. વાલીઓની પોતાની માન્યતાઓ, સ્કૂલની વાન-રીક્ષાના ફેરાઓ, શાળા અને કોચિંગ ક્લાસની વધતી ફી, સરકારની બેવકૂફીનો ધ્વજ ફરકાવતી રવિવારે લેવામાં આવી રહેલી બીજી વખતની નીટ પરીક્ષા અને ચાલાક શાળા સંચાલકોની આગવી શિક્ષણશૈલી વચ્ચે વિદ્યાર્થીઓ સંતુલન સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાજ્યના વિકાસની વ્યાખ્યા અને તેની વાસ્તવિકતા વચ્ચેનો સેતુ શિક્ષણ કહેવાય એવું આદર્શવાદ કહે છે. ગુજરાત અને શિક્ષણને આદર્શો સાથે કંઈ લાગતું વળગતું નથી એ અલગ બાબત છે. જ્યારે આપણે ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચા કરીએ, ત્યારે નજર સમક્ષ બુલેટ ટ્રેન, ગ્લોબલ સમિટ્સ, ગગનચુંબી ઈમારતો, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ અને વિદેશી રોકાણોના આંકડાઓ તરવરવા લાગે છે. પરંતુ, વાસ્તવિક અને ટકાઉ વિકાસનો માપદંડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઊંચાઈ પરથી નહીં, પરંતુ છેવાડાના માનવીના સંતાનના હાથમાં રહેલી સ્કૂલબેગના વજન પરથી નક્કી થાય છે. આજે ગુજરાત સમક્ષ ૬.૪૧ લાખ ડ્રોપઆઉટ બાળકોનો જે આંકડો આપણી સામે આવ્યો છે તેને આપણે રાબેતા મુજબ નજરઅંદાજ કરી જવાના છીએ, પરંતુ તે માત્ર શિક્ષણ વિભાગની વહીવટી ખામી નથી, પરંતુ પ્રજાના સામાજિક અંતરાત્મા અને સરકારની નીતિનિર્માણની દિશા પર મુકાયેલો એક અત્યંત ગંભીર પ્રશ્નાર્થ છે. જો કોઈ બાળક વર્ગખંડના બદલે ખેતર, કારખાનાં, ચાની કિટલી કે ઘરની ચાર દીવાલો વચ્ચે શ્રમ કરતું જોવા મળે છે તો તેમાં પહેલો વાંક સરકારનો છે અને પછી સામાજિક માળખાનો છે. રાજ્યની શૈક્ષણિક વિકાસયાત્રા છેલ્લાં ઘણાં વર્ષોથી રોંગ સાઈડ પર ચાલે છે. છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં 'પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી રથયાત્રા' જેવાં આયોજનો દ્વારા પ્રાથમિક શિક્ષણમાં ૧૦૦% નામાંકન હાંસલ કર્યાના દાવાઓ થતા રહ્યા છે. આ દાવાઓની આડમાં એવો ભ્રમ ઊભો કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો નગણ્ય સ્તરે પહોંચી ગયો છે. પરંતુ, અચાનક ૬.૪૧ લાખ બાળકોનું શાળાની બહાર હોવું, એ કાગળ પરની ટકાવારીના આરામદાયક પડદાને ચીરીને બહાર આવેલી એક કઠોર વાસ્તવિકતા છે. સરકારે હવે શિક્ષકોની ફોજ ઉતારીને આ બાળકોને શોધવાની કવાયત હાથ ધરી છે. આ પ્રયાસ આવકારદાયક છે, પરંતુ તેની સાથે એક અણગમતો અને કડવો સવાલ ઉઠાવવો અનિવાર્ય છેઃ આટલી મોટી સંખ્યામાં બાળકો સિસ્ટમની નજર ચૂકવીને શાળાની બહાર ગયા જ કેવી રીતે?



## હાલારના હાલહવાલ



# દ્વારકાના શિવરાજપુર અને પોસિત્રા દરિયાઈ વિસ્તાર ગુજરાતમાં ડોલ્ફિન સંરક્ષણનું અનોખું યોગદાનઃ દરિયાઈ જીવસૃષ્ટિનાં સંવર્ધનમાં રાજ્ય અગ્રેસર

**સમય સંદેશઃ જામનગર (બુધાભા ભાટી દ્વારા)**

ગુજરાતે માત્ર વન્યજીવોના સંરક્ષણમાં જ નહીં પરંતુ દરિયાઈ જીવસૃષ્ટિના સૌથી બુદ્ધિશાળી, સુંદર અને માનવમિત્ર જળચર એવા ડોલ્ફિનના સંરક્ષણ અને સંવર્ધનમાં પણ દેશભરમાં આગવી ઓળખ ઉભી કરી છે.

રાજ્ય સરકાર તથા વન વિભાગના સતત પ્રયાસોના પરિણામે આજે ગુજરાતનો વિશાળ દરિયાકિનારો ડોલ્ફિન માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની રહ્યો છે. વર્ષ-૨૦૨૫ની અંતિમ ગણતરી અનુસાર રાજ્યના ૪,૦૮૭ ચોરસ કિલોમીટર દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦થી વધુ ડોલ્ફિનની હાજરી નોંધાઈ છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતનો દરિયાકાંઠો હવે માત્ર પ્રવાસન માટે જ નહીં પરંતુ દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ માટે પણ દેશભરમાં એક આદર્શ મોડેલ બની રહ્યો છે. ખાસ કરીને દ્વારકા નજીક આવેલા શિવરાજપુર અને પોશિત્રાના દરિયાકિનારા ડોલ્ફિન નિહાળવા માટેના 'બેસ્ટ સ્પોટ' તરીકે પ્રસિદ્ધ થઈ રહ્યા છે. અહીંનું નિર્મળ અને સ્વચ્છ પાણી ડોલ્ફિનના



વસવાટ માટે અનુકૂળ હોવાથી પ્રવાસીઓને આ મનોહર જળચર સહેલાઈથી જોવા મળે છે.

ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં આવેલો કચ્છનો અખાત ડોલ્ફિનનું મુખ્ય નિવાસસ્થાન માનવામાં આવે છે. કચ્છના અખાતના દક્ષિણ ભાગમાં આવેલા ભારતના પ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન એટલે કે મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચોરસ કિલોમીટર વિસ્તારમાં અંદાજે ૪૯૮ ડોલ્ફિન વસવાટ કરતી હોવાનું અનુમાન છે. આ ઉપરાંત કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચોરસ કિલોમીટરમાં ૧૬૮, ભાવનગર વિસ્તારમાં ૧૦ અને મોરબી જિલ્લામાં ૪ ડોલ્ફિન નોંધાઈ છે.

ડોલ્ફિન લુપ્ત થતી પ્રજાતિઓમાં સામેલ હોવાથી તેના શિકાર અથવા તેને કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડવું કાયદેસર ગુનો છે અને તે બિન-જામીનપાત્ર ગુનાની શ્રેણીમાં આવે છે. તેથી ડોલ્ફિનના સંરક્ષણ માટે સમાજના દરેક વર્ગે જાગૃત બનવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે તા. ૫ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ ગંગા ડોલ્ફિનને ભારતના રાષ્ટ્રીય જળચર પ્રાણી તરીકે જાહેર કર્યું હતું. ડોલ્ફિનને 'માનવમિત્ર જળચર' તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તે પોતાના બુદ્ધિશાળી અને મૈત્રીપૂર્ણ સ્વભાવથી મનુષ્ય સાથે વિશેષ જોડાણ ધરાવે છે. આજે કચ્છથી ભાવનગર સુધીનો ગુજરાતનો વિશાળ દરિયાકિનારો ડોલ્ફિનના સંરક્ષણ અને પ્રવાસન બંને માટે નવી ઓળખ બનાવી રહ્યો છે. નિર્મળ દરિયો, સમૃદ્ધ જૈવવિવિધતા અને રમૂજી ડોલ્ફિનની હાજરી ગુજરાતને દરિયાઈ પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક નકશા પર વિશિષ્ટ સ્થાન અપાવી રહી છે.

## ટાઉનહોલનું ભારણ હવે ઘટશેઃ જામનગરમાં અત્યાધુનિક કલ્ચરલ કોમ્પ્લેક્ષનું ૩૫.૨૧ કરોડના ખર્ચે નિર્માણ

**સમય સંદેશઃ જામનગર**

શહેરમાં કલા-સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે મનપા દ્વારા ગુલાબનગર નજીક રાજકોટ રોડ પર ટી.પી. સ્કીમ નં.-૫ના અંતિમ ખંડ નં. ૧૮/બીમાં વિશાળ અને અત્યાધુનિક મલ્ટી પર્પઝ કલ્ચરલ કોમ્પ્લેક્ષ (ઓડિટોરિયમ)નુ અંદાજિત રૂ. ૩૫.૨૧ કરોડના ખર્ચે નિર્માણ કાર્ય ધમધમી રહયુ છે. પ્રોજેક્ટ સાકાર થતા સ્થાનિક કલાકારો અને કલારસિક જનતાને ઉચ્ચ સ્તર આધુનિક સુવિધાઓ શહેરમાં જ ઉપલબ્ધ બનશે.

આ કલ્ચરલ કોમ્પ્લેક્ષ કુલ ૧,૮૯,૮૩૮ ચોરસ ફૂટના વિશાળ પ્લોટ એરિયામાં આકાર લેશે. મુખ્ય ઓડિટોરિયમ બિલ્ડીંગ ગ્રાઉન્ડ, ૩ માળનું રહેશે. મુલાકાતીઓની સુવિધા માટે ૭૦,૦૦૦ ચોરસ ફૂટ જગ્યા માત્ર પાર્કિંગ માટે ફાળવાશે.


મુખ્ય ઓડિટોરિયમમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ખાસ ૨૬૦૦ ચોરસ ફૂટનું સ્ટેજ તૈયાર કરાશે. કલાકારો માટે ૬ ગ્રીન રૂમ, રિહર્સલ રૂમ અને એટેચ ટોઇલેટ-ડ્રેસિંગ સુવિધા સાથે વીઆઈપી રૂમ બનાવાશે. કલાપ્રેમીઓ માટે ૨૮૫૦ ચોરસ ફૂટની આર્ટ ગેલેરી આકર્ષણનું કેન્દ્ર બનશે, જ્યાં ચિત્ર-શિલ્પ પ્રદર્શનો યોજી શકાશે. કોમ્પ્લેક્ષની અંદર જ ૪૭,૬૧૩ ચોરસ ફૂટનો વિશાળ પાર્ટી પ્લોટ ડેવલપ કરાશે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૭૦૦ ચોરસ ફૂટનો હોલ, ફર્સ્ટ અને સેકન્ડ ફ્લોર પર ૪-૪ મળી કુલ ૮ રૂમની સુવિધા મળશે.

હાલ મહાનગરપાલિકા સંચાલિત શહેરની મધ્યમાં માત્ર એક જ ટાઉનહોલ છે, જે વસ્તીના પ્રમાણમાં અપૂરતો હતો.હવે આધુનિક ઓડિટોરિયમ બનવાથી શહેરમાં મોટા નાટકો, સ્ટેજ શો, નેશનલ એક્ઝીબીશન, સેમિનાર અને વિવિધ મોટી સ્પર્ધાઓ વૈશ્વિક સ્તરે યોજી શકાશે.જેથી શહેરના એકમાત્ર ટાઉનહોલ પરનુ ભારણ મહદઅંશે હળવુ થશે.

## જામનગરમાં શ્વાન પર લાકડીથી હુમલો, CCTV: ૧૦ દિવસમાં ચોથી ઘટના, પશુ પ્રેમીઓમાં રોષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કામદાર કોલોની વિસ્તારમાં એક વ્યક્તિએ શ્વાનના મોઢાના ભાગે લાકડીના પાંચ જેટલા ફટકા માર્યા હતા. આ હુમલાના કારણે શ્વાનની એક આંખ ફૂટી ગઈ છે અને તેના મોઢા તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટના બાદ ઘાયલ શ્વાનને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.




જામનગરમાં છેલ્લા થોડા દિવસોમાં શ્વાન પર હુમલાની આ ચોથી ઘટના છે. અગાઉ, પહેલી ઘટના શરૂ સેક્શન રોડ પર આવેલા સંત કબીર આવાસમાં બની હતી. ત્યારબાદ શહેરના કામદાર કોલોની વિસ્તારમાં જ બીજી અને ત્રીજી ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. ફરી એકવાર કામદાર કોલોનીમાં જ આ હુમલો થયો છે, જેના સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થયા છે. આ ઘટનાને પગલે સ્થાનિક પશુ પ્રેમીઓ અને સંગઠનોએ કાર્યવાહીની માંગ કરી છે. જામનગરમાં પશુઓ માટે કાર્યરત 'વન રૂફ એનિમલ કેર' એનજીઓ અને માનવ અધિકાર સંગઠન દ્વારા પોલીસ તંત્રનો સંપર્ક કરવામાં આવ્યો છે. સંસ્થાએ પોલીસને લેખિતમાં રજૂઆત કરી સીસીટીવી ફૂટેજના આધારે આરોપી વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી કરવા અને તેની ધરપકડ કરવાની માંગ કરી છે.

## જામનગર હાઈવે પર કૂવામાંથી મહિલાનો મૃતદેહ મળ્યોઃ અજાણી મહિલાની ઓળખ અને મોતનું કારણ જાણવા તપાસ શરૂ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર-ખંભાળિયા હાઈવે પર ટી-પોસ્ટ સામે આવેલા એક અવાવરું કૂવામાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. સ્થાનિકોએ આ ઘટનાની જાણ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને કરી હતી. માહિતી મળતા જ જામનગર ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ મહિલાના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢ્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોતાં જામનગર શહેર પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પંચનામું કર્યું હતું અને તેને પોસ્ટમોર્ટમ માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ મૃતક મહિલાની ઓળખ સ્થાપિત કરવા પ્રયાસ કરી રહી છે. આ ઉપરાંત, મૃત્યુનું કારણ અકસ્માત, આત્મહત્યા કે હત્યા છે તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. મહિલાની ઓળખ થયા બાદ જ ઘટના પાછળનું સાચું કારણ જાણી શકાશે.

## જામનગર રૂરલ અંડર-૧૬ ક્રિકેટ ટીમનું સિલેકશનઃ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા તારીખ અને સ્થળ જાહેર

**સમય સંદેશઃ જામનગર**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા જામનગર રૂરલ અંડર-૧૬ ક્રિકેટ ટીમ માટે સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિલેક્શન ૨૩ જૂનના રોજ સવારે ૮ વાગ્યે યોજાશે. આ ટ્રાયલ અજીતસિંહજી પેવેલિયન (ક્રિકેટ બંગલો) ખાતે યોજાશે. જામનગર ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા કોઈપણ પાત્ર ખેલાડી આ સિલેક્શનમાં ભાગ લઈ શકશે. સિલેક્શનમાં ભાગ લેવા આવતા ખેલાડીઓએ પોતાનું આધારકાર્ડ અને જન્મ તારીખનો દાખલો સાથે લાવવો ફરજિયાત છે. ખેલાડીઓએ સફેદ ડ્રેસમાં અને પોતાની ક્રિકેટ કિટ સાથે હાજર રહેવું પડશે. વધુ માહિતી માટે, મેદાન પર હાજર રહેતા ખેલાડીઓએ સંસ્થાના પ્રમુખ હિતેશભાઈ ભટ્ટ નો સંપર્ક કરવાનો રહેશે.

## ૯ વર્ષથી નાસતા-ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ઝડપ્યો

### 'લાખા કોડીયાતર' ને રવિરાજ હોટલ પાસે દબોચ્યો, પ્રોહિબિશનનો સિટી 'સી' પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડ્યા બાદ છેલ્લા ૯ વર્ષથી કાયદાની પકડમાંથી નાસતા-ફરતા એક આરોપીને જામનગર પેરોલ ફર્લો સ્કોડની ટીમે બાતમીના આધારે ઝડપી લીધો છે. પકડાયેલા આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે જામનગર સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન સ્ટાફના ગોવિંદ ભરવાડ, સલીમ નોયડા, દિલીપસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને હાર્દિક ભટ્ટને ચોક્કસ બાતમી મળી હતી કે, જામનગર સીટી 'સી' પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન (દારૂના) ગુનામાં છેલ્લા ૯ વર્ષથી ફરાર આરોપી લાખા રામાકોડીયાતર (રહે. રાણપર ગામ, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા) હાલ ભાણવડ-જામખંભાળીયા હાઇવે રોડ પર આવેલી રવિરાજ હોટલ પાસે ઊભો છે. બાતમીના આધારે સ્કોડની ટીમે તુરંત તે જગ્યાએ દરોડો પાડીને આરોપીને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા જિલ્લામાં નાસતા-ફરતા ગુનેગારોને ઝડપી પાડવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત LCB PI વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના ઇન્ચાર્જ PSI એમ.વી. ભાટીયા તથા તેમની ટીમ સતત વોચમાં હતી અને જરૂરી તપાસ ચલાવી રહી હતી.

આ સફળ કામગીરી એવ્સ્કોન્ડર પેરોલ ફર્લો સ્કોડના ઇન્ચાર્જ PSI એમ.વી. ભાટીયા તથા સ્ટાફના માણસો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. આરોપીને પકડી પાડી પોલીસની ટીમે ૯ વર્ષ જૂના ગુનાનો દ ઉકેલવામાં સફળતા મેળવી છે.

## અનુસંધાન

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

(પાના નં. ૪ થી આગળ)

સક્રિય અને સશક્ત જીવન જીવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં કોલકત્તા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમનું તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં માણસા ખાતે યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં યોગને માનવજાત માટે અમૂલ્ય ભેટ ગણાવી સૌ નાગરિકોને દૈનિક જીવનમાં યોગ અપનાવવા અને નિયમિત યોગાભ્યાસ કરવા પ્રેરિત કર્યા હતા.

કાયક્રમમાં ધારાસભ્ય દિવ્યેશ અકબરી સહિત જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, અગ્રણીશ્રી ડો.વિનોદભાઈ ભંડેરી, નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી આદર્શ બસર, અગ્રણીઓશ્રી ભવાનભાઈ ચૌહાણ, શ્રી સુનીલ રાઠોડ, શ્રી ભવદીપ પંડ્યા, પોલીસ, હોમગાર્ડ્સ, રમતવીરો, વિદ્યાર્થીઓ, વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ, આર્મી,નેવી અને એરફોર્સના જવાનો વગરે સહભાગી થયા હતા.

### ફ્રેન્ડશીપ શિખર

(પાના નં. ૪ થી આગળ)

પણ હિમાલયના અનેક પર્વતીય પ્રવાસો અને શિખરો સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યો છે. બાળ પર્વતારોહણ ક્ષેત્રે સતત નવી સિદ્ધિઓ હાંસલ કરીને તે અન્ય બાળકો અને યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે. તેની આ ઐતિહાસિક સફળતા સાહસિક રમતો, પર્વતારોહણ અને પ્રકૃતિપ્રેમ પ્રત્યે નવી પેઢીમાં ઉત્સાહ જગાવશે.

વિહાન ચેતરીયાની આ અસાધારણ સિદ્ધિ બદલ વિવિધ સામાજિક, શૈક્ષણિક, રમતગમત અને સાહસિક ક્ષેત્રની સંસ્થાઓ તેમજ નાગરિકો દ્વારા તેને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. જામનગરના આ નાનકડા સાહસિકે પોતાની પ્રતિભા, હિંમત અને અડગ મનોબળના બળે સમગ્ર ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે ગૌરવભેર ઉજ્જવળ કર્યું છે.

### 'ઈટ્રા' આયોજિત યોગ

(પાના નં. ૩ થી આગળ)

કાર્યક્રમમાં વિવિધ યોગ મુદ્રાઓ થકી યોગને આત્મસાત કરવાનો પ્રયાસ કર્યો હતો. ITRA યોગ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલા 'યોગ ફ્યૂઝન' થકી સંગીત અને યોગ સંગમ કરી અવિસ્મરણીય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ કરેલી યોગની પહેલની વૈશ્વિક યાત્રાને પ્રદર્શિત કરતી ઝાંખી સ્વરૂપે ઓડિયો-વિડિઓ માધ્યથી ''યોગ હું થી હું નો સંગમ'' પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જામનગર માટે ગૌરવની ક્ષણ છે કે ITRA અને તેની ટીવી ચેનલ ANCN ટીમ પ્રયાસોથી પ્રો. વૈદ્ય મનોજ નેસરી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

### જર્જરિત ઈમારતો જમીનદોસ્ત

(પાના નં. ૩ થી આગળ)

વચ્ચે મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ આધુનિક અને ભારે મશીનરીઓ જેવી કે જેસીબી અને હાઇડ્રોલિક ક્રેન્સ ઘટનાસ્થળે ઉતારવામાં આવી હતી. મશીનરીના ઉપયોગ દ્વારા આ ભયજનક કસ્ટમ હાઉસના બાકી બચેલા જર્જરિત હિસ્સાને સુરક્ષિત રીતે તોડી પાડવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી. ચોમાસા પહેલા મહાનગરપાલિકાની આ આક્રમક કામગીરીને પગલે સ્થાનિક રહીશો અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

### કોંગ્રેસના ઉગ્ર સુત્રોચ્ચાર-ધરણા

(પાના નં. ૩ થી આગળ)

જશે. પરિણામે, દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગરના નીચાણવાળા વિસ્તારોની ૪૦થી વધુ સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ શકે છે, જેનાથી હજારો નાગરિકોને હાલાકી ભોગવવી પડશે.

કોંગ્રેસના આગેવાનોએ મ્યુનિસિપલ કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને એસી ઓફિસોમાંથી બહાર નીકળીને સ્થળ પરની વાસ્તવિકતા તપાસવા પડકાર ફેંક્યો છે. વિપક્ષે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ત્વરિત ધોરણે સફાઈ કામગીરી શરૂ નહીં થાય, તો આગામી દિવસોમાં કમિશનર અને મેયરની ઓફિસ બહાર ઉગ્ર આંદોલન અને ધરણા કરવામાં આવશે.

### વડાપ્રધાન મોદીએ કોલકાતા

(પાના નં. ૧ થી આગળ)

વિવેકાનંદ જેવા મહાન સંતો અને લાહિડી મહાશય જેવા મહાયોગીઓએ જન્મ લઈને ભારતની યોગ પરંપરાને એક નવી વૈશ્વિક ઊંચાઈ પર પહોંચાડી છે. આવી પવિત્ર ભૂમિ પર સામૂહિક યોગાભ્યાસ કરવો એ એક અદભુત અને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવ છે. આ સાથે જ, વડાપ્રધાને આ ખાસ અવસરે પશ્ચિમ બંગાળના નાગરિકો દ્વારા રાજ્યભરમાં વ્યાપક સ્તરે ચલાવવામાં આવેલા વિશેષ સ્વચ્છતા અભિયાનની પણ હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી અને આ સુંદર પહેલ બદલ બંગાળના તમામ લોકોને અભિનંદન પાઠવ્યા હતા. આ ભવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમમાં કોલકાતાના હજારો નાગરિકો, યુવાનો અને વરિષ્ઠ આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સાથે આસન ગ્રહણ કરી સામૂહિક યોગ કરીને અનોખો ઉત્સાહ પ્રદર્શિત કર્યો હતો.

### ભયાનક ગેસ ગળતર

(પાના નં. ૧ થી આગળ)

ટીમે તમામ દર્દીઓની તાત્કાલિક તપાસ શરૂ કરીને સારવાર કરી હતી. પ્રારંભિક માહિતી મુજબ, ૧૦ કર્મચારીઓ ગેસની અસરથી બેભાન થઈ ગયા હતા. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને ડોક્ટરો સતત તેમના પર નજર રાખી રહ્યા છે.

બીજી તરફ, બે લોકોના નાકમાંથી લોહી વહેવાની પણ માહિતી છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો છે. આ ઘટના બાદ ગામના લોકો અને ફેક્ટરીમાં હાજર અન્ય કર્મચારીઓમાં પણ ભયનો માહોલ છે. મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલો અને ફેક્ટરી પરિસરની બહાર એકઠા થઈ ગયા છે.

ઘટનાની ગંભીરતાને જોતા ડોક્ટરોની વિશેષ ટીમે ગંભીર રીતે અસરગ્રસ્ત દર્દીઓની પ્રાથમિક સારવાર કરી હતી. આ પછી ત્રણ ગંભીર દર્દીઓને એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નાઈ સ્થિત સ્ટેનલી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે એમોનિયા ગેસનો ઉપયોગ સામાન્ય રીતે કોલ્ડ સ્ટોરેજ અને સીફૂડ પ્રોસેસિંગ યુનિટ્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ માટે કરવામાં આવે છે. બીજી તરફ, રાજ્ય સરકારે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવતા કહ્યું છે કે આ દુર્ઘટનામાં ૬૦ મહિલાઓ અને ૪ પુરુષો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રીએ મૃતકો પ્રત્યે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને અધિકારીઓને આ મામલે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે.

દુર્ઘટના બાદ પોલીસે આ મામલે FIR નોંધી લીધી છે. પ્રાથમિક કાર્યવાહીના ભાગરૂપે ફેક્ટરીના બે માલિકોની અટકાયત કરવામાં આવી છે. તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે અને દુર્ઘટનાના કારણોની તપાસ ચાલુ છે. તે જ સમયે, ઘટનાની ગંભીરતાને જોતા મુખ્યમંત્રીએ સમગ્ર મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. સમિતિને ૨૪ કલાકની અંદર વચગાળાનો અહેવાલ અને ત્રણ દિવસની અંદર વિગતવાર તપાસ અહેવાલ સુપરત કરવા સૂચના આપવામાં આવી છે.

# ખંભાળિયામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીઃ સાંસદ, કલેક્ટર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા






**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયા, જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ''સ્વસ્થ જીવન માટે યોગ'' થીમ સાથે આ ઉજવણી કરવામાં આવી હતી. યોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયાએ જણાવ્યું હતું કે, યોગ તંદુરસ્તી અને સ્વસ્થ જીવન માટે અત્યંત આવશ્યક છે. યોગ એ આત્મા અને શરીરને જોડવાનું માધ્યમ છે, જે આજના વ્યસ્ત જીવનમાં શારીરિક અને માનસિક તણાવ દૂર કરવામાં મદદરૂપ થાય છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વ ફલક પર પ્રસ્થાપિત કરી માનવજીવનને નવી દિશા આપી છે. યોગને માત્ર એક દિવસ પૂરતો સીમિત ન રાખતા તેને દૈનિક જીવનનો ભાગ બનાવવો જોઈએ.

જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ જણાવ્યું હતું કે, યોગ એ ફક્ત એક દિવસની કસરત નથી, પરંતુ તેને આપણા જીવનનો દૈનિક નિત્યક્રમ બનાવવો જોઈએ. નિયમિત યોગ કરવાથી શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. તેમણે સૌને નિયમિત યોગ કરવા અને અન્યોને પણ પ્રેરિત કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવો અને નાગરિકોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કોલકાતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માણસા ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ ઉજવણીમાં જિલ્લા પંચાયત સદસ્ય ડો. પી.વી. કંડોરીયા, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નિવાસી અધિક કલેક્ટર એમ.વી. દેસાઈ, પ્રાંત અધિકારી કે.કે. કરમટા, અગ્રણીઓ એભાભાઈ કરમૂર, રાજુભાઈ ભરવાડ, શૈલેષભાઈ કણઝારિયા સહિત અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને યોગસાધકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# 'ઈદ્રા' આયોજિત યોગ સંગમમાં યોગ પ્રેમીઓનો મહાસંગમઃ ૨૦૦૦થી વધુ લોકોએ એકસાથે ઉત્સાહપૂર્વક આપી યોગાંજલી









તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આયુષ મંત્રાલય હેઠળ કાર્યરત 'ઈટ્રા' જામનગર દ્વારા ગઈકાલ ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસે કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસનું આયોજન ધન્વંતરી મેદાન ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરીની અધ્યક્ષતામાં અને શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના શ્રી લક્ષ્મણ દેવ સ્વામીજીના અતિથિ વિશેષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, CISFના જવાનો, WHO - GTMCના, કર્મચારીઓ, ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીના સભ્યો અને જાહેર જનતા સહિત માતબર સંખ્યામાં ૨૦૦૦થી વધુ લોકોએ યોગાભ્યાસ કર્યો હતો. અભૂતપૂર્વ પ્રતિસાદ સાથે યોજાયેલા આ

અનુ પાના નં.૨ પર

# જીજીમાં તબીબો અને નર્સિંગ સ્ટાફ યોગ દિવસમાં જોડાયો





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

૨૧ જૂન, ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હોસ્પિટલના ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તેમજ અન્ય કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષિત યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓ કરવામાં આવી હતી. ઉપસ્થિતોને યોગના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય પર થતા સકારાત્મક પ્રભાવ અંગે માહિતી આપવામાં આવી હતી. યોગ દ્વારા તણાવમુક્ત જીવન, રોગપ્રતિકારક શક્તિમાં વધારો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાના મહત્વ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના અધિકારીઓએ સૌને નિયમિત યોગ કરવા અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# ભાટીયામાં યોગ દિવસની ઉજવણીઃ કલ્યાણપુર તાલુકા કક્ષાએ ૪૯૨થી વધુ લોકો જોડાયા



**સમય સંદેશઃ ભાટિયા**

કલ્યાણપુર તાલુકાના ભાટીયા સ્થિત શ્રી એલ.એન.પી. શૈક્ષણિક સંકુલ ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૯૨થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો અને યોગપ્રેમીઓએ સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. તેમણે સ્વસ્થ અને નિરોગી જીવનનો સંદેશ આપ્યો. આ પ્રસંગે સમાજસેવા અને સ્વચ્છતા ક્ષેત્રે યોગદાન આપનાર આગેવાનો તેમજ સફાઈ કર્મચારીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# લાલપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીઃવીર સાવરકર હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમ, અનેક લોકો જોડાયા





**સમય સંદેશઃ લાલપુર**

લાલપુરમાં ૨૧ જૂનના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વીર સાવરકર હાઈસ્કૂલના પ્રાંગણમાં યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, હોમગાર્ડના જવાનો, ગામના નાગરિકો અને બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે લાલપુર ગામના સરપંચ જયેશભાઈ તેરૈયા અને જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પૂર્વ પ્રમુખ હિરજીભાઈ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રેનર નીલાબા પરમાર દ્વારા ઉપસ્થિત સૌને યોગાસન, પ્રાણાયામ અને સ્વસ્થ જીવનમાં યોગના મહત્વ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# કલ્યાણપુરની ચંદ્રાવાડા શાળામાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી

## વિદ્યાર્થીઓએ યોગાસન અને સૂર્યનમસ્કાર કર્યા



**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાની શ્રી ચંદ્રાવાડા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુ યોગાભ્યાસ, પ્રાણાયામ, સૂર્યનમસ્કાર અને વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષિકા રૂપલબેન ઓડેદરાએ યોગના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને યોગ પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

# જામનગરમાં ચોમાસા પૂર્વે જર્જરિત ઈમારતો જમીનદોસ્ત કરવાની ઝુંબેશ તેજ : ગ્રેન માર્કેટ વિસ્તારમાં આવેલું જૂનું કસ્ટમ હાઉસ તોડી પાડવા કમિશનરની સૂચનાથી કડક કાર્યવાહી

## અગાઉ ત્રણ મજૂરો દટાવાની દુર્ઘટના બાદ વહીવટી તંત્ર સફાળું જાગ્યું : રવિવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર વિસ્તાર કોર્ડન કરી ભારે મશીનરી વડે ડિમોલિશન કરાયું



તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ચોમાસાની ઋતુ નજીક આવતાની સાથે જ જનજીવનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા જર્જરિત અને ભયજનક ઈમારતોને તોડી પાડવા માટેની કડક કવાયત હાથ ધરવામાં આવી છે. વરસાદના દિવસોમાં આવી જૂની ઈમારતો ધરાશાયી થવાની અને મોટી જાનહાનિ થવાની સંભાવના રહેતી હોવાથી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે તાજેતરમાં જ શહેરના ધમધમતા ગ્રેન માર્કેટ વિસ્તારમાં આવેલા જૂની કસ્ટમ હાઉસની ઓફિસને હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ કસ્ટમ હાઉસની ઓફિસ વર્ષો જૂની અને અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગઈ હોવાથી તેને તોડી પાડવા માટે એસ્ટેટ શાખા દ્વારા ઓપરેશન હાથ ધરાયું હતું. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે જ્યારે આ ઈમારતને ઉતારવાની કામગીરી કરવામાં આવી રહી હતી, ત્યારે અચાનક કાટમાળ ધસી પડતાં ત્રણ શ્રમિકો દટાયા હોવાની ગંભીર દુર્ઘટના સામે આવી હતી. આ અકસ્માત બાદ મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર વધુ સતર્ક બન્યું છે અને આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રવિવારે ખાસ પૂર્વતૈયારીઓ કરવામાં આવી હતી.

શનિવાર-રવિવારની રજાના દિવસે ગ્રેન માર્કેટ જેવા વ્યસ્ત વ્યાપારી વિસ્તારમાં લોકોની અવરજવર ઓછી હોય તેનો લાભ લઈને તંત્ર દ્વારા ડિમોલિશનની આખરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અકસ્માત નિવારવા માટે રવિવારે વહેલી સવારથી જ ઘટનાસ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આસપાસના તમામ રસ્તાઓ અને સમગ્ર વિસ્તારને સુરક્ષાના ભાગરૂપે સંપૂર્ણપણે કોર્ડન કરવામાં આવ્યો હતો જેથી કોઈ અજાણ્યો નાગરિક ત્યાં આવી ન ચડે.

આ લોખંડી સુરક્ષા વ્યવસ્થા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રી-મોન્સૂન કામગીરી ન થતાં રોષઃ રંગમતીમાં કચરાના ઢગ, કોંગ્રેસના ઉગ્ર સુત્રોચ્ચાર-ધરણા કરી સફાઈ કરી



તસવીરઃ હિરેન ગાંધી







**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ચોમાસા પહેલા પ્રી-મોન્સૂન કામગીરી ન થતા વિપક્ષ કોંગ્રેસે મહાનગરપાલિકા સામે મોરચો માંડ્યો છે. આજે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા રંગમતી નદીના પટમાં ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રમુખ સહિતના આગેવાનોએ નદીમાં ઉતરી જાતે સફાઈ કરીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. આ કાર્યવાહી દ્વારા કોંગ્રેસે મહાનગરપાલિકાની નિષ્ફળતા સામે ધ્યાન દોર્યું હતું.

કોંગ્રેસનો આક્ષેપ છે કે મહાનગરપાલિકામાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી પ્રી-મોન્સૂન સફાઈ કામગીરી માત્ર કાગળ પર જ થઈ છે. આના કારણે શહેરની ૪૦થી વધુ સોસાયટીઓ પર જળબંબાકારનું સંકટ તોળાઈ રહ્યું છે. શહેર કોંગ્રેસના નેતાઓએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, મહાનગરપાલિકામાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે મિલીભગત ચાલી રહી છે. શહેરની મુખ્ય અને પેટા કેનાલોની સફાઈ માત્ર કાગળ પર દર્શાવી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

જામનગરની રંગમતી અને નાગમતી નદીઓની સ્થિતિ અત્યંત દયનીય બની છે. નદીઓમાં મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરા, પ્લાસ્ટિક અને કચરાનો ભરાવો જોવા મળે છે. સિદ્ધનાથ દાદા અને નાગેશ્વર દાદાના દર્શને જતા શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિક નાગરિકોને અહીંથી પસાર થતી વખતે અસહ્ય દુર્ગંધનો સામનો કરવો પડે છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો નદીઓ અને કેનાલોની સફાઈ તાત્કાલિક નહીં થાય, તો વરસાદી પાણીના નિકાલ અટકી

અનુ પાના નં.૨ પર




વિશેષ અહેવાલ પાના નં.૩ ઉપર

તસવીર: હિરેન ગાંધી








જામનગરમાં ગઈકાલ ૨૧ જૂનના રોજ જામનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે 'Yoga for Healthy Aging' ની થીમ હેઠળ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી, જેમાં રાજ્યના શિક્ષણમંત્રી શ્રીમતી રીવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી જિલ્લા કલેક્ટર, ડીડીઓ, સૈન્યના જવાનો અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. ફિટ ઇન્ડિયાના સંકલ્પને મજબૂત કરતા આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોલકત્તા ખાતેના અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માણસા ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

# રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં જામનગર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી સંપન્ન

## Yoga for Healthy Ageing થીમ સાથે મંત્રીશ્રી સહિતના મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં નાગરિકોએ કર્યો યોગાભ્યાસ: કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના કોલકાત્તા ખાતેના તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માણસા ખાતેના યોગ દિવસ અંતર્ગતના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું

**સમય સંદેશ: જામનગર**

તા. ૨૧ જૂન, જામનગર ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પોલીસ હેડક્વાર્ટર ખાતે કરવામાં હતી.

Yoga for Healthy Ageing થીમને કેન્દ્રમાં રાખી આયોજિત આ કાર્યક્રમમાં મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, સરકારી અધિકારીઓ-કર્મચારીઓ તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ સહભાગી બની યોગના માધ્યમથી સ્વસ્થ જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. યોગ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિત સૌએ વિવિધ યોગાસનો, અને ધ્યાનની ક્રિયાઓ કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન યોગ દ્વારા સ્વસ્થ જીવનશૈલી, રોગપ્રતિકારક શક્તિમાં વધારો અને માનસિક એકાગ્રતા જેવા વિષયો અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ માત્ર યોગાભ્યાસ પૂરતો મર્યાદિત ન રહી પરંતુ સમાજના તમામ વર્ગોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા અને ફિટ ઇન્ડિયાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ ફેલાયો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ નિયમિત યોગાભ્યાસ દ્વારા નિરોગી,

અનુ પાના નં.૨ પર

# જામનગર દરેડ GIDCમાં GST વિભાગનું મેગા ઓપરેશન: બોગસ બિલિંગ કૌભાંડમાં કરોડોના ગોટાળાની આશંકા

**સમય સંદેશ: જામનગર**

જામનગરના ઔદ્યોગિક હબ ગણાતા દરેડ જીઆઈડીસી વિસ્તારમાં સ્ટેટ GST વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. બોગસ બિલિંગ કૌભાંડમાં કરોડોના ગોટાળાની આશંકાને પગલે આ મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ગઈકાલે વહેલી સવારથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં ૨૨થી વધુ વાહનોના કાફલા સાથે GST અધિકારીઓ પહોંચ્યા હતા. આ ઓપરેશનને કારણે સમગ્ર વિસ્તારમાં




ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાથમિક અહેવાલો મુજબ, બહારગામથી આવેલા કેટલાક તત્વોએ દરેડમાં માત્ર ભાડાના શેડ રાખીને બોગસ GST નંબર મેળવ્યા હતા. આ એકમો દ્વારા કાગળ પર ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ઉભી કરીને સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાવવામાં આવ્યો હોવાની શંકા છે. આ કૌભાંડના મૂળિયાં ઊંડા હોવાથી, ત્રજીઝ વિભાગ દ્વારા આગામી ૮ થી ૧૦ દિવસ સુધી સતત તપાસ ચાલુ રહેવાની શક્યતા છે.

વૈશ્વિક મંદી અને મોંઘવારીનો સામનો કરી રહેલા બ્રાસ ઉદ્યોગકારો માટે આ કાર્યવાહી મુશ્કેલીરૂપ બની છે. તપાસ-દરોડાના ભયને લીધે કાચા અને તૈયાર માલની સ્થાનિક હેરફેર હાલમાં અટકી ગઈ છે.

# જામનગરના ૯ વર્ષીય વિહાન ચેતરીયાએ સર કર્યો ફ્રેન્ડશીપ શિખર

## રચ્યો નવો રાષ્ટ્રીય કીર્તિમાન: માત્ર ૯ વર્ષ અને ૪ મહિનાની ઉંમરે ૫,૨૮૯ મીટરની ઊંચાઈ સર કરનાર દેશનો સૌથી નાની વયનો પર્વતારોહક બન્યો



**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરના પ્રતિભાશાળી બાળ પર્વતારોહક વિહાન ચેતરીયાએ હિમાચલ પ્રદેશના કુલ્લુ-મનાલી વિસ્તારમાં આવેલા અતિ દુર્ગમ અને પડકારજનક ફ્રેન્ડશીપ શિખરનું સફળતાપૂર્વક આરોહણ કરીને નવો રાષ્ટ્રીય કીર્તિમાન સ્થાપ્યો છે. ૫,૨૮૯ મીટરની ઊંચાઈ ધરાવતા આ શિખરને સર કરીને વિહાને દેશભરમાં જામનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. માત્ર ૯ વર્ષ અને ૪ મહિનાની નાની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરનાર વિહાને અગાઉનો ૧૦ વર્ષ અને ૨ મહિનાની ઉંમરનો કીર્તિમાન પાછળ છોડી દીધો છે. આ સાથે તે ફ્રેન્ડશીપ શિખર સર કરનાર ભારતનો સૌથી નાની વયનો પર્વતારોહક બન્યો છે.

હિમાલય ક્ષેત્રમાં આવેલ ફ્રેન્ડશીપ પિક તકનીકી રીતે પડકારજનક અને જોખમી શિખરોમાં સ્થાન ધરાવે છે. આ શિખરનું આરોહણ કરવા માટે વિશેષ પર્વતારોહણ કૌશલ્ય, બરફ અને હિમનદી વિસ્તારમાં ચાલવાની તાલીમ, દોરડા, બરફકુહાડી, પગમાં બાંધવાના વિશેષ લોખંડી સાધનો તથા અન્ય જરૂરી સાધનોનો કુશળ ઉપયોગ તેમજ મજબૂત શારીરિક અને માનસિક ક્ષમતા જરૂરી બને છે. અભિયાન દરમિયાન વિહાને કપરા હવામાન, ઓક્સિજનની ઓછી માત્રા અને બરફથી ઢંકાયેલા જોખમી માર્ગો જેવા અનેક પડકારોનો સફળતાપૂર્વક સામનો કરીને શિખર પર રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેની આ સિદ્ધિ માત્ર વ્યકિતગત સફળતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બની છે.

વિહાન ચેતરીયા અગાઉ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં NEET-UG પરીક્ષા શરૂ, શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

## બપોરે ૨ વાગ્યાથી પરીક્ષાનું આયોજન, તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવાઈ



તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**


જામનગર જિલ્લામાં ગઈકાલે બપોરે ૨ વાગ્યાથી NEET-UG ૨૦૨૬ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે આ પરીક્ષા શાંતિપૂર્ણ, પારદર્શક અને નિષ્પક્ષ માહોલમાં સંપન્ન થાય તે માટે કલેક્ટર પી.બી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી.

પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રો પર સમયસર પહોંચવામાં સરળતા રહે તે માટે એસટી બસ સ્ટેન્ડ ખાતેથી વિશેષ સુવિધા પૂરી પાડવામાં આવી હતી. ઉમેદવારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે કેન્દ્રો પર માર્ગદર્શન, બેઠક વ્યવસ્થા, પીવાના પાણી, આરોગ્ય સુવિધા અને વીજ પુરવઠો જેવી આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉમેદવારોના પ્રવેશ અને દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા નિયમોનુસાર હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ શિક્ષણ, પોલીસ અને આરોગ્ય સહિતના સંબંધિત વિભાગોએ પરસ્પર સંકલન સાધીને કામગીરી કરી હતી. પરીક્ષા કેન્દ્રો ખાતે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો, ટ્રાફિક વ્યવસ્થા, તાત્કાલિક આરોગ્ય સેવાઓ અને અન્ય આવશ્યક સેવાઓ કાર્યરત રહે તે માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હતી. જિલ્લા તંત્ર દ્વારા સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવી હતી.

જામનગર જિલ્લામાં કુલ પાંચ કેન્દ્રો પર પરીક્ષા યોજાઈ હતી. આ કેન્દ્રોમાં વાલસુરા, જવાહર નવોદય વિદ્યાલય અલિયાબાડા, કેન્દ્રીય વિદ્યાલય-૧ એરફોર્સ સ્ટેશન-૧, કેન્દ્રીય વિદ્યાલય-૨ જેલ રોડ અને ડીકેવી કોલેજનો સમાવેશ થાય હતો, પરીક્ષા બપોરે ૨:૦૦ વાગ્યાથી સાંજે ૫:૧૫ વાગ્યા સુધી ચાલી હતી.








સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના
સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્ક: રાજુભાઈ ભાવસાર
88668 68600

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com